આદર્શમય સ્વપ્નસૃષ્ટિનો સંધિપ્રકાશ

હજીય બધું ઘોર સૂમસામ અંધારું જ હતું. જ્યાં શૂન્યનો જ નિવાસ હતો એવા આ કાળા સ્વપ્નમાં યમ, સત્યવાન અને સાવિત્રી ચાલ્યે જતાં હતાં, અભાવાત્મક એ પ્રદેશમાં ક્યાં તેની ખબર પડતી નહોતી. એક અંધકાર બીજા વધારે ગાઢ અંધકારમાં ને મૃત્યુ વધારે ખાલી મૃત્યુમાં લઈ જતું હતું. આ નિરાશામાં નાખી દેતા અંધકારમાં એક નિષ્પ્રભાવ પીડાતો પ્રભાપુંજ એમની પાછળ પાછળ આવતો હતો—ગુમ થયેલા મહિમાની સ્મૃતિ જેવો. એ વધતો દેખાતો ત્યારેય ત્યાં અસત્ લાગતો 'તો, છતાંય શૂન્યના અફાટ વિસ્તારમાં ઓલવાયા વગરનો એ આવ્યા જ કરતો, કો મૃત શાશ્વતતાના ઝાંખા શા ભૂત જેવો.

સાવિત્રીએ અસ્તિત્વમાં આવી વિચાર કરવાની જે ધૃષ્ટતા દાખવી હતી, ક્ષણજીવી જીવનો ભાગ ભજવવાનો જે ઇનકાર કર્યો હતો, અમરતાનો દાવો કર્યો હતો અને દિવ્યતાનો સંકલ્પ સેવ્યો હતો, સ્વર્ગોની સરસાઈ કરવાની જે હિંમત બતાવી હતી તેને માટે એને નિરાનંદ જિંદગીનો દંડ મળ્યો હતો ને તેનું પ્રાયશ્ચિત કરતો તેનો આત્મા દુર્ભાગ્યવશ બની નિત્યની રાત્રિમાં રવડી રહ્યો હતો.

પરંતુ જીવની કલ્પના કરનારી માયા પરમાત્મ-સ્વરૂપનો એક બુરખો છે. માયાએ નહિ પણ રહસ્યમય સત્યે આ પારાવર સચરાચર સર્જ્યું છે. સનાતનની સ્વયંપ્રજ્ઞા અજ્ઞાન મનમાં ને કાયાનાં કમણોમાં કાર્ય કરી રહેલી છે. અચિત્ છે પરમ ચૈતન્યમયની નિદ્રા. એક અકળ બુદ્ધિએ સૃષ્ટિનો કોયડો ઉપજાવ્યો છે. જડ રૂપોમાં અધ્યાત્મ વિચાર ઠાંસીને ભરેલો છે ને એક યંત્ર દ્વારા એ ચમત્કાર કરી બતલાવે છે. અંધકાર એટલે સ્વયંપ્રચ્છન્ન જ્યોતિનો જાદુ, મૃત્યુ એટલે સનાતન જીવનનું સાધન. મૃત્યુ છે એક સીડી, એક બારણું, એક ઠોકરાતું પગલું. જીવે એમાં થઈને એકથી બીજે જન્મે જવાનું હોય છે. મૃત્યુ છે એક ચાબખો ને એ હંકારીને અમૃતત્વે લઈ જાય છે.

અચિત્ જગત છે આત્માનો સ્વયંરચિત અવકાશ, સનાતન રાત્રિ છે સનાતન દિવસનો પડછાયો. રાત્રિ નથી આપણો આરંભ કે નથી આપણો અંત. આપણે પરમોચ્ચ પ્રકાશમાંથી આવ્યા છીએ, પ્રકાશથી પ્રાણવાન છીએ અને પ્રકાશ પ્રત્યે જઈ રહ્યા છીએ. આવું હોવાથી નિત્યના એ શૂન્યાકારમાં અલ્પબલ હોવા છતાંય પ્રકાશનો વિજય થઈ રહ્યો હતો. એણે કાળા પુંજમાં કાણું પાડ્યું, ને એક સુવર્ણ

અગ્નિએ આવી રાત્રિના હૃદયને દગ્ધ કર્યું. અચેતન સચેતન બન્યું, શર્વરીમાં સંવેદના જાગી ને વિચાર પ્રકટયો. અસહિષ્ણુ અંધકારે પીછેહઠ કરી, થોડાં ધાબાં જ માત્ર રહ્યાં. કાળા વ્યાલનું મહાશરીર હજી ઝઝૂમતું હતું. મથીને ધીરે ધીરે ઉપર આવતા પ્રભાત સામે આત્મસંરક્ષણ કરતી રાત્રિ કાળના એક ધૂસર ઢોળાવે ઊતરીને નાઠી.

દેવોની એક પ્રભાત-સંધ્યા હોય છે. એમના અદ્‌ભુત સ્વરૂપો સુષુપ્તિમાંથી જાગી ઊઠે છે અને પ્રભુની દીર્ઘ રાત્રિઓ ઉષાના આગમનથી વાજબી બની જાય છે. નવજન્મની ભાવોત્કટ ભભક ફાટી નીકળે છે, સ્વપ્નસેવી દેવતાઓ દૃશ્યમાન દુનિયાની પાર પોતાની ચિંતનામાં આદર્શ સૃષ્ટિઓ રચે છે. ગહન ગુહામાં ભરાઈ રહેલી એક અથાગ અભીપ્સા પ્રવૃત્ત થતાં અંધ અંધકારનો ભાર ઓસરી જાય છે. રાત્રિનો વિષાદ મરણશરણ થાય છે.

સાચાં બનેલાં સ્વપ્નાંમાં સાવિત્રી સરકી. ત્યાં સર્વે પ્રકાશનું, પ્રેમનું અને આનંદનું અનુધાવન કરતા હતા. ત્યાં દૂરના પ્રહર્ષો પાસે આવતા, પ્રમોદની ઊંડી આશાઓ ઝલાઈ જવાને ઝંખતી. મૌક્તિકવર્ણી અસ્પષ્ટતા ત્વરમાણા તરતી હતી, વધારે પડતો પ્રકાશ ત્યાં સહેવાતો નહોતો. ત્યાં હતાં આછાં દેખાતાં ખેતરો, ચરાઓ ને વૃક્ષો; ઝાંખાં જણાતાં ગોધણો ત્યાં ધુમ્મસમાં વિચરતાં હતાં. અસ્પષ્ટ દેખાતાં ભૂતોના ત્યાં અશરીરી પોકાર હતા, અસ્પષ્ટ રાગના ધ્વનિઓ આત્માને સ્પર્શતા 'તા ને એમને અનુસરતાં એ અગોચર દૂરતાઓમાં અગોચર બની જતા હતા. આદર્શમય આ પ્રદેશોમાં સર્વે સુખભર્યાં સંચરતાં 'તાં, દેવોનાં દોરાયાં હોય તેમ દોરાતાં 'તાં; ઝાંખી કલ્પનાઓની જેમ ત્યાં પંખીઓ ઊડતાં 'તાં ને કલવરથી અંતઃકરણને આંદોલિત બનાવી દેતાં 'તાં, સૂર્યદેવની ગાયોનાં ધણ ધુમ્મસમાં થઈ સૂર્યના સદન પ્રત્યે પાછાં ફરતાં હતાં.

પરંતુ ત્યાં કશુંય સ્થિર થયેલી રૂપરેખામાં નહોતું. મર્ત્ય ચરણોને ઊભા રહેવા માટે ત્યાં સ્થાન નહોતું, દેહબદ્ધ પ્રાણોચ્છ્વાસ ત્યાં ટકી શકતો નહિ. એ મજેદાર અંધાધૂંધીમાં નાચતો નાચતો પ્રમોદ પસાર થઈ જતો, સૌન્દર્ય રૂપરેખાને ટાળી રંગની રહસ્યમયતામાં છુપાતું, હર્ષ એના એ જ સૂરો કાઢતો ને સ્થાયી જગતનો આભાસ ઊભો કરતો. અંતહીન મોહિની સર્વમાં તાજી થતી ને આશાળુ હૃદયને આકર્ષતી. કદી નહિ ગ્રહાયેલી વસ્તુઓનો ત્યાં સતત સ્પર્શ થયા કરતો, દેખાતી નહોતી એવી દિવ્ય દુનિયાઓનો અંચલ અડી જતો. અદૃશ્ય થઈ જતા તારાઓના અંકાતા માર્ગો પરના રંગો જેવા રંગો ને ક્ષણિક ઝબકારાઓ તરતા વાતાવરણમાં વરસતા હતા, ને ચમત્કારી સ્વર્ગો પ્રતિ પાછળ પાછળ જવાનું જાણે આમંત્રણ આપતા હતા. કાનમાં મૂર્છિત થતા પ્રત્યેક પોકારમાં અનનુભૂત આનંદનો અવાજ હતો.

ઝંખતા હૃદયમાં આરાધનાનું રાજ્ય ચાલતું. ત્યાં પવિત્રતાનો આત્મા હતો,

ચમત્કારી સૌન્દર્ય ને અગૃહીત આનંદ હતો, ને એ અલ્પજીવી હોવા છતાંય પૃથ્વી કે સ્વર્ગ આપી શકે છે તેના કરતાં તેમનું માધુર્ય વધારે લાગતું.

સ્વર્ગ નિત્ય યુવાન છે અને પૃથ્વી અત્યંત દૃઢ ને જરીપુરાણી છે, તેથી એમનાં સર્જનાત્મક સંપ્રહર્ષણો અતિશય દીર્ઘકાલીન બની જાય છે, એમની રૂપરેખાઓની યોજનાઓ અતિમાત્ર સ્થિર બની ગયેલી હોય છે, સનાતન શૈલો ઉપર કંડારાઈ જઈ એ શાશ્વત વસ્તુઓ સાથે સુગાઢ સંબંધ રાખતી બની ગયેલી હોય છે. પ્રભુની ખાણોમાંના પ્રાણસંપન્ન ખડકોમાંથી ખોદી કઢાયેલ એ રૂપની પૂર્ણતા પામી અમર બની જાય છે. એ હોય છે અત્યંત સ્પષ્ટરૂપ, અત્યંત મહાન, અત્યંત અર્થપૂર્ણ. ધુમ્મસો ને છાયાઓ એમની આંખને સંતોષ આપતાં નથી, અનિશ્ચિત મૃદુ ઉપચ્છાયાઓથી એમને નિરાંત વળતી નથી.

પરંતુ આદર્શમય સ્વપ્નસૃષ્ટિમાંનું સર્વ કાંઈ કેવળ પરમસુખની કિનારમાત્રને જ સ્પર્શે છે, કો દિવ્ય આશાના સ્કંધપ્રદેશ સુધી જ પહોંચે છે, પરમ રમણીય ઈચ્છાઓના સંચારી ચરણોને જ સ્પર્શે છે. પ્રભાતતારક ઉપરથી કોઈ આવ્યું હોય એવું એ સૌ પ્રકાશે છે. એમનામાં હોય છે પૂર્ણતાના પ્રારંભનો સંતોષ; દિવ્ય લોકની તરલ કલ્પનાઓનું પગરણ જ એમનામાં થયેલું હોય છે. અન્વેષણની ઉત્કટ ભાવના સાથે એ ભળી જાય છે, અશ્રાંત હર્ષનાં શીકરોથી રોમહર્ષ અનુભવે છે. ત્યાંનું સર્વ હોય છે છાયામય, ઊપસતા રંગચિત્ર જેવું હોતું નથી. જ્વાલામાલા ઉપર ઝબૂકતું મુખ, રંગના રગડામાં ઉદ્‌ભવતા અદ્‌ભુત આકારો, રૂપેરી ધુમ્મસમાં પ્રકટ થઈ પલાયન કરી જતાં દૃશ્યોની પરંપરા જેવું ત્યાં બધું ઉદ્‌ભવતું હોય છે. આ આદર્શમય અવકાશમાં હર્ષ એક ઉતાવળિયો અનુભવ હોય છે, અર્ધ-નિષિદ્ધ આનંદો ઝડપી લેવાના હોય છે, દેવોના નંદનબાગ જેવું બધું દેખાય છે ખરું પણ પરમાનંદનો પરિચય પમાતો નથી. આ મનોહર પ્રદેશમાં સર્વ વસ્તુઓ અવનવ દિવ્યતા-ભરી હતી ને ત્યાંનો અશ્રાંત આમોદપ્રમોદ એક ભાગતો હરખ હતો. જાદૂઈ ફેરફારો માટે ત્યાં આગ્રહ રહેતો હોય છે.

તેમાં થઈને સાવિત્રી સરી રહી હતી. વાડો, ખેતરો, નેળો દેખાય ન દેખાય ત્યાં તો દૃષ્ટિપથમાંથી ક્યાંનાં ક્યાં ચાલ્યાં જતાં હતાં. સાવિત્રીય જાણે એ સૌનો અંત ન આવે એવી સ્પૃહા રાખતી હતી. વાદળાંમાં થઈને કોઈ પર્વત ઉપર મુસાફરી કરતું હોય ત્યારે યાત્રીને ગુપ્ત ગહનોમાંથી અદૃશ્ય સ્રોતોનો સ્વર સંભળાય ને આસપાસ ગૂઢ અવકાશ ઘેરી લે તેમ સાવિત્રી પણ અશરીરી સ્પર્શોની મોહિની અનુભવતી, દૂરથી આવતા સાદોની મીઠાશ માણતી ચાલતી હતી. એની હૃદયતંત્રી ઉપર ભાવ ભરતાં સૂચનો ઠર્યાં હતાં, અનિકેત વિચારો એના મનને સરાગ વળગી રહ્યા હતા, હાનિકારક નહીં એવી કામનાઓ એની એ જ રહીને સંતોષ પામ્યા વગર સ્વર્ગીય સારંગીની માફક એના હૃદયમાં ગાતી હતી.

આ ગોચર બનેલા મનોમયમાં પોતાનાં રઢિયાળાં રશ્મિઓએ સજ્જ સત્યવાન

એ સર્વ મોહિનીનું કેન્દ્ર બની ગયેલો લાગતો હતો. સાવિત્રીનાં સતૃષ્ણ સ્વપ્નાંની મનોહરતાનો એ મુખી હતો, ચૈત્યાત્માની તરંગી કલ્પનાઓનો હતો એ મહાનાયક. મૃત્યુદેવની વિભીષણ વિભૂતિ પણ એ અસ્પર્શગમ્ય આકાશોના ઉલ્લસનને છાયાગ્રસ્ત કરવાને અશકત હતી. યમદેવની કારમી છાયા સૌન્દર્યને અને હાસ્યને વિશેષ આવશ્યક બનાવી દેતી હતી; કાળનો કાળો વિરોધ આદર્શમયની દૃષ્ટિને વધારે સતેજ બનાવતો હતો; એનો વિષાદઘેર્યો વર્ણ આનંદને અધિક ઓજસ્વી અને અંતરનો આદરણીય બનાવી દેતો હતો. વેદના સુધ્ધાં વેદના મટીને મહાસુખના નિમ્નસૂરનું સ્વરૂપ લેતી હતી; ક્ષણભંગુરતા અમૃતત્વનો પ્લવમાન અંચલ બની ગઈ હતી. કિરણ, ધુમ્મસ અને અર્ચિષની સહચરી બની ગયેલી સાવિત્રી તરતા વિચારોમાં એક તરતા વિચાર જેવી બની ગઈ હતી. ચૈત્યાત્માનાં આંતરિક શુભ્ર ચિંતનોની વચ્ચે સ્વપ્નદર્શી મનથી જવલ્લે જોવાતી, સ્વપ્નસૃષ્ટિના સુખથી અર્ધ-પરાજિતા સાવિત્રી જાદૂગરી જેવા એ જગતમાં થઈને જતી હતી તેમ છતાંય એણે પોતાના ચૈત્ય-આત્મા ઉપરનું પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. સમર્થ સમાધિમાં પ્રવેશેલો એનો ઊર્ધ્વસ્થ આત્મા આ બધું અવલોકતો હતો, તો પણ પોતાના પરમોચ્ચ કાર્યને માટે સનાતન ધ્રુવ તારકની માફક અક્ષરે આરૂઢ રહેલો હતો.